# તાલાલાઅને જામનગર પંથકમાં ગમખ્વાર અકસ્માત : ૬ના મૃત્યુ



## સણોસરા ગામ પાસે બોલેરોનું ટાયર બદલતી વેળાએ પૂરપાટ ઝડપે આવતી અન્ય બોલેરોના ચાલકે ચારને કચડયા, ૩ના મૃત્યુ અને એકની હાલત ગંભીરઃ તાલાલામાં બાઈક, આઈસર અને નારિયેળ ભરેલા છકડા વચ્ચે ભયંકર ટક્કર, ત્રણ લોકોએ જીવ ગુમાવ્યો

રાજકોટ

જામનગર-લાલપુર ધોરીમાર્ગ પર સણોસરા ગામના પાટિયા પાસે ગોઝારી દુર્ઘટના સર્જાઇ હતી. એક બોલેરોના ટાયરમાં પંચર પડી જતાં તેમાં બેઠેલી ચાર વ્યક્તિઓ નીચે ઉતરીને ટાયર બદલી રહી હતી, જે દરમિયાન પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલી અન્ય બોલેરોના ચાલકે ચારેયને કચડી નાખતાં ત્રણના મૃત્યુ નીપજ્યા હતા. તેમજ તાલાલાથી દશ કિ.મી દુર માધુપુર ગીર-સુરવા ગીર ગામ વચ્ચે હનુમાનજી મંદિર પાસે ત્રિપલ અકસ્માતમાં ત્રણ લોકોના મરણ થતાં આખા પંથકમાં અરેરાટી પ્રસરી ગઈ છે.

લાલપુર તાલુકાના ખાયડી ગામમાં રહેતા કમલેશભાઈ નારણભાઈ ગાગીયા (ઉં.વ.૩૬) શ્રુદીપ દિનેશભાઈ ગોજીયા (ઉં.વ.૧૬), ભરત લખમણભાઈ ડાંગર (ઉં.વ.૨૧- કરશનપર) અને શ્યામભાઈ અશોકભાઈ ગાગીયા (ઉં.વ.૧૬) કે જેઓ ગઈકાલે બોલેરોમાં બેસીને લાલપુર તાલુકાના સણોસરા ગામ પાસેથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન તેમના ટાયરનું પંચર પડી જતા રાત્રિના ૧૨:૦૦ વાગ્યાના અરસામાં ચારેય વ્યક્તિ બોલેરોમાંથી નીચે ઉતરીને માર્ગ પર ટાયર બદલી રહ્યા હતા. જે દરમિયાન પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલા બોલેરોના ચાલકે ચારેયને અડફેટેમાં લઈ કચડી નાખતાં ભારે ચીસાચીસ થઈ ગઈ હતી. આ ગોઝારા અકસ્માતમાં કમલેશભાઈ, શ્રુદીપભાઈ અને ભરતભાઈ ત્રણેયના ઘટના સ્થળે કમકમાટી ભર્યા મૃત્યુ નીપજ્યા હતા જ્યારે શ્યામભાઈ ગાગીયાને વધુ ઈજા થઈ હોવાથી સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. આ અકસ્માતના બનાવની જાણ થતાં લાલપુરની પોલીસ ટુકડી ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ત્રણેય મૃતદેહોનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.

તાલાલા પંથકના આ કરુણ બનાવની વિગત એવી છે કે જાવંત્રી ગીર ગામના પ્રભુદાસભાઈ ધીરૂભાઈ વાડોદરિયા તથા દિક્ષિતભાઈ દિલીપભાઈ વાડોદરિયા કાકા-ભત્રીજા તાલાલા ગિરથી બાઈક ઉપર જાવંત્રી ગિર ગામે જતા હતા. ત્યારે સુરવા ગિર ગામ તરફથી લીલા નાળિયેર ભરી છકડો રીક્ષા આવતી હતી. આ છકડો રિક્ષા પાછળ બેફામ પૂરઝડપે આવતી આઈસરે (મિનિ ટ્રક)મોટરસાઈકલ તથા નાળિયેર ભરેલી છકડો રિક્ષાને ઠોકર મારતા બન્ને વાહન ચાલકો રોડથી દૂર ફેંકાઈ ગયા હતા. સુરવા ગામના યુવાનો તથા આજુબાજુમાંથી એકત્ર થયેલા ખેડૂતોએ પાંચેય ઈજાગ્રસ્તોને તુરંત તાલાલા સરકારી હોસ્પિટલે પહોંચાડયા હતા. જેમાં જાવંત્રી ગિર ગામના પ્રભુદાસભાઈ ધીરૂભાઈ વાડોદરિયા (ઉં.વ.૩૮) અને દિક્ષીતભાઈ દિલીપભાઈ વાડોદરીયા (ઉં.વ.૩૦) કાકા-ભત્રીજા તથા તાલાલા નરાસિંહ ટેકરી વિસ્તારમાં રહેતા કિશોરભાઈ હરિભાઈ મારડિયા (ઉં.વ.૪૫)ને ફરજ પરના તબીબે મરણ જાહેર કર્યા હતા જ્યારે કિશોરભાઈના પત્ની લક્ષ્મીબેનને ગંભીર ઈજા હોય વધુ સારવાર માટે વેરાવળ રિફર કર્યા છે. અકસ્માત કરી આઈશર (મિનિ ટ્રક)ચાલક ભાગી છુટયો હતો. આ બનાવ અંગે પોલીસ બનાવના સ્થળે દોડી જઈ પંચનામું કરી ઈન્ચાર્જ પી.આઈ.એ.બી.ગોહીલે ભાગી છુટેલ મિનિ ટ્રક ચાલકને ઝડપવા તપાસ શરૂ કરી છે. ત્રિપલ અકસ્માતમાં મૃત્યુ પામનાર દિક્ષીત વાડોદરિયા રાજકોટ જી.ઈ.બી.મા કોન્ટ્રાક્ટર તરીકે કામ કરે છે. દિક્ષીતભાઈની સગાઈ મંડોરણા ગિર ગામે થઈ છે અને તા.૦૨/૦૨/૨૦૨૬ના રોજ તેમના લગ્ન હતાં. લગ્નની ખરીદી કરવા માટે જ કાકા-ભત્રીજા તાલાલા આવ્યા હતા અને ખરીદી કરી બાઈક ઉપર જાવંત્રી ગામે જતાં હતાં ત્યારે આ અકસ્માત થયો હતો.

# ઉત્તરાયણ સુધી શીતલહેરની આગાહી, ગિરનાર ૭ અને નલિયા ૭.૫ ડિગ્રી

## ૧૫થી ૨૦ કિ.મી. પ્રતિ કલાકની ગતિ સાથે ઠંડા પવન ફૂંકાવાથી લોકો રીતસરના ઠુઠવાશે

રાજકોટ,

જાન્યુઆરી મહિનો શરૂ થવા સાથે જ શિયાળો પોતાનો અસલ મિજાજ બતાવી રહ્યો છે. છેલ્લા ત્રણેક દિવસથી ઠંડા પવનો ફૂંકાવાના કારણે ગુજરાતમાં ગાત્રો થીજવતી ઠંડી પડી રહી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે રાજ્યના હવામાનમાં સતત ફેરફાર જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના અનેક વિસ્તારોમાં લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આજે પણ ગિરનાર પર્વત પર ૭ ડિગ્રી તાપમાન રહેતા કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું હતું. નલિયા ૭.૫ ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી ઠંડું શહેર બન્યું છે. આગામી ૧૫ જાન્યુઆરી સુધી ગુજરાતમાં શીત લહેરની સંભાવના છે.દરમિયાન લઘુતમ તાપમાનમાં વધઘટ રહેશે. અમદાવાદ-ગાંધીનગર સહિત તેની આસપાસના ક્ષેત્રોમાં તાપમાન ૧૩ ડિગ્રી સેલ્શિયસની આસપાસ રહેશે, તેવી સંભાવના છે. રાજ્યભરમાં ૧૫થી ૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે, જેના કારણે ઠંડીનો વધુ અનુભવ થશે. ઉત્તર-પૂર્વીય પવનોના પ્રભાવથી ઠંડીનો ચમકારો વધુ તીવ્ર બનશે. પ્રદેશના નલિયા સહિતના ક્ષેત્રોમાં તાપમાન વધુ ઘટાડો થવાની સંભાવના છે. હાલ ઉત્તર-પૂર્વથી પૂર્વ તરફના પવનો ફૂંકાઈ રહ્યા છે. આગામી પાંચ દિવસ રાજ્યના લઘુતમ તાપમાનમાં ફેરફાર થવાની શક્યતાઓ નથી. તેમજ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ તાપમાનનો વધારો થઈ શકે છે. લઘુતમ તાપમાનમાં રાત્રે ૧થી ૨ ડિગ્રીનો ફેરફાર થઈ શકે છે. ઉત્તર-પૂર્વના પવનો ફૂંકાવાને લીધે ઠંડીનો ચમકારો જોવા મળી શકે છે. તેમજ રાત્રે ઠંડા પવન ફૂંકાઈ શકે છે. ગુજરાતમાં આગામી તા. ૧૫ જાન્યુઆરી સુધી કોલ્ડ વેવની આગાહી કરવામાં આવી છે.

# રાજકોટમાં ભારત-ન્યુઝીલેન્ડ મેચ પૂર્વે સ્ટેડિયમમાં આતંકી હુમલાની મોકડ્રીલ

## આતંકીઓએ ૩ મજૂરને બંધ બનાવ્યા, ૧૦૦ કરોડને પાકિસ્તાન જવા હેલિકોપ્ટરની માગ; ચેતક કમાન્ડોએ ઠાર કર્યા



તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટઃ રાજકોટના જામનગર રોડ પર આવેલ ખંઢેરી ગામ સ્થિત નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે વનડે મેચ રમાય તે પહેલા આજે સવારના સમયે અફરાતફરી મચી ગઈ હતી. એક કાળા કલરની સ્પોર્ટ્સ કાર પૂરઝડપે સ્ટેડિયમમાં ઘૂસી આવી હતી. જે કારમાં સવાર ચાર હથિયારધારી શખસોએ સ્ટેડિયમમાં કામ કરી રહેલા ત્રણ મજૂરોને બંદૂકની અણીએ બંધક બનાવી લેતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરી સર્જાઈ હતી.

આતંકીઓએ ૧૦૦ કરોડ રૂપિયાની રોકડ રકમ અને કચ્છ બોર્ડરથી પાકિસ્તાન જવા માટે હેલિકોપ્ટરની માંગણી કરતા પોલીસ તંત્રમાં ભારે દોડધામ મચી જવા પામી હતી. જોકે, ચેતક કમાન્ડો અને રાજકોટ ગ્રામ્ય પોલીસ ટીમે સાથે મળી આતંકીઓને ઠાર કર્યા હતા અને પછી મોકડ્રીલ જાહેર કરવામાં આવી હતી.

રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે આતંકીઓ ઘુસ્યા હોવાની જાણ થતા ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ તાત્કાલિક 'ચેતક કમાન્ડો'ની ટીમ અને રાજકોટ ગ્રામ્ય પોલીસની અલગ અલગ ટીમ દ્વારા સ્ટેડિયમને ચારેય તરફથી ઘેરી લીધું હતું. હવામાં થયેલા ધડાકાના અવાજો અને એમ્બ્યુલન્સની સાયરનો વચ્ચે કમાન્ડોએ અત્યંત ચપળતાથી સ્ટેડિયમમાં પ્રવેશ કરી ઓપરેશન શરૂ કર્યું હતું.

આ દરમિયાન વહીવટી તંત્રના રૂરલ પ્રાંત અધિકારી, મામલતદાર સહિત પીજીવીસીએલ, ફાયર ફાઈટર અને મેડિકલ ઈમરજન્સીની ટીમો પણ ઘટનાસ્થળે ખડેપગે તૈનાત કરવામાં આવી હતી. કલાકો સુધી ચાલેલી આ ખેંચતાણ બાદ સુરક્ષા દળોએ વ્યૂહરચના ગોઠવી આતંકીઓને ઠાર માર્યા હતા અને બંધકોને સુરક્ષિત રીતે છોડાવ્યા હતા.

### ઓપરેશનના અંતે સત્તાવાર મોકડ્રીલ જાહેર કરાઈ

ઓપરેશનના અંતે સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું હતું કે, આ કોઈ વાસ્તવિક આતંકી હુમલો ન હતો, પરંતુ સુરક્ષા સજ્જતા ચકાસવા માટે આયોજિત એક 'મોકડ્રીલ' હતી. રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ ડ્રીલનો મુખ્ય ઉદ્દેશ્ય કટોકટીના સમયે વિવિધ વિભાગો વચ્ચેનું સંકલન ચકાસવાનો હતો.

# જેતપુર-ગોંડલમાં વાહન ચોરી કરતી બેલડી ઝડપાઈ

## બે રીઢા તસ્કરને ઝડપી પાંચ બાઈક કબજે કરી કુલ ૧.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત

જેતપુરઃજેતપુર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી વાહન કરીના બનાવો વધ્યા છે. તેવામાં પોલીસની ટીમે વાહન ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલી બે રીઢા તસ્કરને ઝડપી પાંચ બાઈક કબજે કરી કુલ ૧.૧૦લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.જેતપુરના દરગાહ વિસ્તારમાંથી ગત તા. ૧૭/૧૨/૨૦૨૫ના રોજ એક બાઈક ચોરાયાની ફરિયાદ ઉદ્યોગનગર પોલીસ મથકે નોંધાઈ હતી. આ મામલે પોલીસની ટીમે સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી તપાસ હાથ ધરી હતી. દરમિયાન બાતમી મળી હતી કે, બે શખસ ચોરાઉ બાઈક સાથે જૂના રાજકોટ રોડ પર ફરીરહ્યા છે.

જેના આધારે પોલીસે વોચ ગોઠવીને ત્રાકુડીપરા વિસ્તારમાં રહેતા સાગર વિક્રમભાઈ ઉર્ફે ભીખાભાઈ રાઠોડ (ઉં.વ. ૩૦) અને અમીત રમણીકભાઈ સોલંકી (ઉં.વ.૨૧)ને દબોચી લીધા હતા. બન્ને આરોપીની આગવી ઢબે પૂછપરછ કરતા તેઓએ કબૂલાત કરી હતી કે, જેતપુર દરગાહ પાસે, નવાગઢ રેલવે સ્ટેશન, ગોંડલના ચરખડી ગામ અને શાપર પંથકમાંથી વાહનો ચોર્યા હતા. પોલીસે આ પાંચેય વાહન કબજે કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટની પરિણીતાની અમદાવાદના શખસે ઈન્સ્ટાગ્રામમાં પજવણી કરી

## મેસેન્જરમાં ગાળો આપી, પતિએ મુકેલી સ્ટોરીમાં અશ્લીલ કોમેન્ટ કરી; સાયબર ક્રાઈમે આરોપીને ઝડપી પાડ્યો

રાજકોટ :શહેરના થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી પરિણીતાને ઈન્સ્ટાગ્રામમાં મેસેજ કરી, અલગ અલગ આઈડીમાંથી ગાળો ભાંડી અમદાવાદના શખ્સે પજવણી કરતા સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી પંકજ વાઘેરા નામના શખ્સને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કરી બનાવ અંગે થોરાળા વિસ્તારમાં રહેતી ૩૦ વર્ષીય પરિણીતાએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે કબીર ૫૧૦ અને પંકજ વઘેરા નામની બે ઈન્સ્ટાગ્રામ આઈડીના ધારકનું નામ આપી જણાવ્યું હતું કે, ગત તા.૧૨.૧૦.૨૦૨૫ના રોજ ઈન્સ્ટાગ્રામ આઈડી પર સામાવાળાએ મેસેજ કર્યો હતો જે મેસેજનો પરિણીતાએ જવાબ નહિ આપતાં સામાવાળાએ સતત મેસેજ કરવાનું ચાલુ રાખતા પરિણીતાએ મેસેજ નહિ કરવાનું જણાવ્યું હતું. જે બાદ ઉશ્કેરાયેલા શખ્સે ઈન્સ્ટાગ્રામ આઈડીમાં મેસેજ કરી પરિણીતાને બેફામ ગાળો ભાંડવાનું શરૂ કર્યું હતું જેથી પરિણીતાએ આ ઈન્સ્ટાગ્રામ આઈડીને બ્લોક કરી દેતા અન્ય ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી મેસેજ કરી ગાળો આપી હતી.

આ પછી પરિણીતાના પતિએ ઈન્સ્ટાગ્રામમાં સ્ટોરી મુકતા તે સ્ટોરીમાં પણ આરોપીએ અશ્લીલ કોમેન્ટ કરી પરિણીતાની જાતીય સતામણી કરી પ્રતિષ્ઠાને હાની પહોંચાડતા અંતે પરિણીતાએ સાયબર ક્રાઈમ પોલીસનો સંપર્ક કર્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી જેના આધારે સાયબર ક્રાઈમ પોલીસની ટીમે ગુનો નોંધી તપાસ શરૂ કરતા ઈન્સ્ટાગ્રામ આઈડીમાં મેસેજ કરી જાતીય સતામણી કરતો શખ્સ પંકજ વઘેરા અમદાવાદનો વતની હોવાનું જાણવા મળ્યું હતું જેની અટકાયત કરી પોલોસએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.ઉલ્લેખનીય છે કે આરોપીની પુછપરછ કરતા તેને ઈન્સ્ટાગ્રામમાં પરિણીતાની પ્રોફાઈલ જોઈ મિત્રતા કેળવવા મેસેજ કર્યા હતા પરંતુ પરિણીતાએ કોઈ પ્રતિક્રિયા નહિ આપતાં ઉશ્કેરાટમાં કૃત્ય આચર્યાનું પોલીસ સમક્ષ રટણ કર્યું હતું.

# ગોંડલના સામાજિક કાર્યકરને મોબાઈલમાં ધમકી અપાઈ કાર્યકરે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અરજી કરી

ગોંડલ,ગોંડલના સામાજિક કાર્યકરે ગોંડલ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં એક લેખિત અરજી આપી છે, જેમાં તેમણે એક શખસ વિરુદ્ધ ગંભીર આક્ષેપો કર્યા છે. પોલીસને આપેલી અરજી મુજબ તા.૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ જનકસિંહ જાડેજાના ફેસબુક આઈડી પરથી પીયૂષભાઈ રાદડિયાને ગાળો લખેલા મેસેજ આવ્યા હતા અને ઓડિયો કોલ પણ કરવામાં આવ્યા હતા. ફરિયાદીના જણાવ્યા અનુસાર, આરોપીના સોશિયલ મીડિયા પર ગણેશ જાડેજા સાથેના ફોટા છે.

પીયૂષ રાદડિયાનો દાવો છે કે તેઓ ગોંડલમાં બનેલા વિવિધ બનાવો જેમ કે રાજકુમાર જાટ મર્ડર કેસ, અલ્પેશ કથીરિયાની મુલાકાત, અમીત ખૂંટ આત્મહત્યા કેસ અને ખેડૂતોના મુદ્દે સતત અવાજ ઉઠાવી રહ્યા છે.

આ બાબત ગણેશ જાડેજાને ન ગમતી હોવાની તેમના ઈશારે આ ધમકી મળી હોવાનો આક્ષેપ અરજીમાં કરવામાં આવ્યો. અરજદારે પોતાની અરજીમાં ગંભીર ભીતિ વ્યક્ત કરતા જણાવ્યું છે કે, જે રીતે ભૂતકાળમાં વિનુભાઈ શીંગાળા અને નિલેશભાઈ રૈયાણીની હત્યા થઈ હતી, તેવી જ રીતે તેમની પણ હત્યા કરાવી નાખવામાં આવે તેવી દહેશત છે. જનકસિંહ જનૂની સ્વભાવનો હોવાનું અને ભૂતકાળમાં કોલેજ ચોકમાં ફાયરિંગ કર્યાનું પણ અરજીમાં જણાવાયું છે. હાલ પીયૂષ રાદડિયાએ પોલીસને આ બન્ને વ્યક્તિ વિરુદ્ધ એફ.આઈ.આર. નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેમ જણાવ્યું છે.

# ઈન્ટરનેટ ઉપરથી મરવાની રીત જાણી રાજકોટમા યુવાનની આત્મહત્યા

## લોહીથી ખરડાયેલી લાશ મળી, પ્રથમ દૃષ્ટિએ ખૂન લાગેલી ઘટના આપઘાતની નીકળીઃ સુસાઈડનોટમાં લખ્યું, મમ્મી-પપ્પા વગર જીવવું નથી ગમતું, મિલકત બહેનને આપી દેજો

રાજકોટ,રાજકોટના ભોમેશ્વર પ્લોટમાં ચકચાર મચાવતી એક ઘટના ઘટી છે. અહી રેલવે ફાટક પાસે આવેલા બાબજી એવન્યુ નામના એપાર્ટમેન્ટની અગાસી ઉપર એક યુવાનની કોહવાયેલી લાશ લોહીમાં લથબથ મળી આવી હતી. પ્રાથમિક દષ્ટિએ આ હિચકારી હત્યા હોવાના અનુમાન થયા હતા. પોલીસે તે દિશામાં તપાસ પણ કરી હતી પરંતુ આ અત્યંત તણાવગ્રસ્ત અવસ્થામાં જીવતા વ્યક્તિએ કરેલી આત્મહત્યા હોવાનું ખૂલ્યું હતું. આપઘાત કરતાં પહેલાં તેણે ઈન્ટરનેટ ઉપર અલગ અલગ સાઈટ ખોલીને એવી માહિતી મેળવી હતી કે આત્મહત્યા કઈ કઈ રીતે થઈ શકેમળતી વિગત મુજબ ભોમેશ્વર પ્લોટ શેરી નં.૮માં આવેલા બાબજી એવન્યુ નામના પાંચ માળના એપાર્ટમેન્ટમાં ચોથા માળે ફ્લેટ નં.૪૦૨માં રહેતા અબ્બાસભાઇ યુસુફભાઇ મરચંટ (ઉ.વ.૪૦)ની એપાર્ટમેન્ટની છત પરથી લોહી લુહાણ હાલતમાં કોહવાયેલી લાશ મળી



આવી હતી. જેની જાણ થતા ડીસીપી, એસીપી તેમજ ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઇ સહિતનો સ્ટાફ બનાવ સ્થળે દોડી ગયો હતો અને તપાસ હાથ ધરી હતી. અબ્બાસભાઇના મૃતદેહની બાજુમાં એક છરી મળી આવી હતી પોલીસે મૃતક યુવાનના ફલેટમાં અને તેના મોબાઇલની તપાસ કરતા યુવાનના ઘરમાંથી એક ડાયરી મળી આવી હતી તેમાં તેણે લખ્યું હતું કે 'હું જીંદગીથી કંટાળી ગયો છું. મારે જીવવુ નથી, માતા-પિતા ગુજરી ગયા છે, ખાવા-પીવામાં તકલીફ પડે છે. મારી મિલકતો મારી બહેનને આપી દેજો', તેમ લખ્યું હતું. ત્યાર બાદ પોલીસે તેનો મોબાઇલ ફોન ચેક કરતા મૃતક અબ્બાસભાઇએ ઈન્ટરનેટ ઉપર સર્ચ એન્જિન ઉપર આત્મહત્યા કરવાની રીતોની જાણકારી મેળવી હતી.

આપઘાત કેવી રીતે કરવો તે અંગે ગુગલમાં અલગ-અલગ સાઇટ સર્ચ કરી આ કૃત્ય કરવાની પ્રેરણા લીધી હોવાનું બહાર આવતા પોલીસે તે દિશામાં તપાસ હાથ ધરી છે. પોલીસ દ્વારા એફએસએલ અને ડોગ સ્કવોડની પણ મદદ લીધી હતી. પોલીસે એપાર્ટમેન્ટના સીસીટીવી કેમેરાના ફૂટેજ લઈને તપાસ આગળ વધારી છે.મૃતક અબ્બાસભાઇ એક ભાઇ અને એક બહેનમાં મોટા હતા તે ઢેબર રોડ પર દરજીકામ કરતા હતા. તે અપરણિત હોવાથી ઘણા સમયથી એકલવાયુ જીવન જીવતા હતા. પોલીસે યુવાનના મૃતદેહને ફોરેન્સીક પીએમ માટે ખસેડવામાં આવ્યો હતો. તેણે ક્યાં કારણોસર આ પગલું ભર્યુ તે અંગેનું ચોક્કસ કારણ જાણવા ગાંધીગ્રામ પોલીસે તપાસ હાથ ધરી છે.

# ૨૨ વર્ષે જન્મેલી દીકરીનું પિતાની નજર સામે મોત

## ટીલાળા ચોક પાસે ડમ્પરે આંટો મારવા નીકળેલા પિતા-પુત્રીને અડફેટે લીધા

રાજકોટ :કુદરતની પણ કેવી અકળલીલા છે કે સંતાન પ્રાપ્તી ઝંખતા રાજકોટના દંપતિને ૨૨ વર્ષે દીકરીનો જન્મ થતાં પરિવારમાં ખુશીની લાગણી છવાઈ ગઈ હતી. જો કે દંપતિના નસીબમાં જાણે સંતાન ન હોય તેમ ૭ વર્ષની થયેલી દીકરીનું પિતાની નજર સામે જ અકસ્માતમાં કરૂણ મોત નિપજતાં પરિવારમાં કલ્પાંત છવાઈ જવા પામ્યો છે.

રાજકોટના ૧૫૦ ફુટ રીંગ રોડ પર જશરાજનગરમાં રહેતાં આધેડ ૭ વર્ષની લાડલી પુત્રીને લઈ આંટો મારવા નીકળ્યા હતાં ને નવા રીંગ રોડ પર ટીલાળા ચોકડી નજીક કાળમુખા ડમ્પરે બાઈકને હડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં પિતાની નજર સામે જ તેની સાત વર્ષની પુત્રીનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. જ્યારે પિતાને પણ ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.

જાણવા મળતી વિગત મુજબ, રાજકોટના



તસવીર : દિલિપ ગોહેલ

૧૫૦ ફુટ રીંગ રોડ પર ઉમિયા ચોક પાસે આવેલા જશરાજનગર શેરી નં.૫માં રહેતાં ભાવેશભાઈ રમણીકભાઈ વકારીયા (ઉ.૫૨) નામના આધેડ સવારે તેની સાત વર્ષની પુત્રી નૈતીને લઈ બાઈક ઉપર આંટો મારવા માટે નીકળ્યા હતાં. દરમિયાન ૧૧ વાગ્યાના અરસામાં નવા રીંગ રોડ પર મવડી બાયપાસ પાસે ટીલાળા ચોક નજીક પહોંચતાં પુરપાટ ઝડપે આવતાં ડમ્પર ચાલકે બાઈકને હડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. ડમ્પરે બાઈકને ઠોકરે લેતાં બાઈક સ્વાર પિતા-પુત્રી રોડ ઉપર ફંગોળાયા હતાં અને પિતાની નજર સામે જ માસુમ પુત્રીનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. અકસ્માતને પગલે ઘટના સ્થળે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતાં. ઈજાગ્રસ્ત આધેડને ૧૦૮ મારફત સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. પોલીસે જરૂરી કાર્યવાહી કરી બાળકીના મૃતદેહને પી.એમ.અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવા તજવીજ હાથ ધરી હતી.

પ્રાથમિક તપાસમાં ભાવેશભાઈ પ્લાસ્ટીકના દાણાનો વેપાર કરે છે અને તેના પત્ની કાજલબેન શિક્ષક છે. દંપતિને ૨૨ વર્ષે પુત્રી નૈતીનો જન્મ થયો હતો. નૈતી પી.એન્ડ.બી.સ્કૂલમાં ધો.૧માં અભ્યાસ કરતી હતી. સવારે પત્ની સ્કૂલમાં નોકરીએ ગયા બાદ પિતા પુત્રીને લઈ આંટો મારવા નીકળ્યા હતાં ને રસ્તામાં જ કાળમુખા ડમ્પરે અકસ્માત સર્જતા માસુમ પુત્રીનો ભોગ લેવાયો હતો. એકની એક પુત્રીના મોતથી વણીક પરિવારમાં કરૂણ કલ્પાંત સર્જાયો છે.